**<u>મ્હે.એડી.ચીફ.જ્યુડી.મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ:મોરબી</u>**

**<u>ક્રિમીનલ કેસ નંબર : ૧૦૭૭૦/૨૦૨૫</u>**

**આંક:-૫**

**ફરીયાદી : શ્રી સરકાર વતી આર.જી.ચૌધરી**

**વિ રૂ ઘ્ધ**

**આરોપી : શ્રી જીગરભાઈ વસંતભાઈ ભીલા,**
**FABULLA CERAMIC PVT.LTD.**
**પ્લોટ નં.૮૭-૧ & ૨ – પૈકી ૮-એ નેશનલ હાઈવે,**
**ગામ જાંબુડીયા, તા.જી.મોરબી.**

---

**ગુન્હો : કારખાના ધારા ૧૯૪૮ ની કલમ-૩૩(૧)હેઠળ**

---

શ્રી સરકાર તરફે વિ એ પી પી શ્રી
આરોપી તરફે વિ વ શ્રી વાય.ડી.પટેલ

**<u>// ચુકાદો //</u>**

**(૧)** ફરિયાદ પક્ષ તરફથી આરોપી સામે **કારખાના ધારા ૧૯૪૮ ની કલમ-૩૩(૧) હેઠળ** ના ગુનાની ફરિયાદ / ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે અને હાજર આરોપીને કેસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કરી તેમના વિરુઘ્ધના ગુનાની હકીકત વાંચી સંભળાવી ગુના સબબની પ્લી લેતા ઉપરોકત આરોપીએ પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવી, ગુનાની કબુલાત પુરસીસ આ કામે રજુ કરેલ છે.

**(૨)** સદર કામના કેસ પેપર્સ વંચાણે લીધા. કાયદાકીય જોગવાઈઓ ઘ્યાને લીધી.આરોપીની ગુના કબુલાત અને તે અંગેની પુરસીસ વંચાણે લીધી. નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુઘ્ધ **<u>નટવરચંદ હરચંદજી ઠાકોર,૨૦૦૫(૧), જી.એલ.આર. પાના નંબર ૭૦૯</u>** ઉપર પ્રસિઘ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. સદર કામે આરોપીએ ગુનાની કબુલાત અંગે જે કારણો દર્શાવેલ છે તે જોતા આરોપી ગરીબ ઈસમ છે અને તેમના શિરે કુટુંબના ભરણપોષણની જવાબદારી છે, તેઓનો પ્રથમ ગુનો છે અને ફરીથી આવો ગુનો કરશે નહીં તેમ જણાવેલ છે અને આરોપીએ ગુના બાબતે પસ્તાવો વ્યકત કરેલ છે.

કાયદાનો હેતુ ગુનાને ડામવાનો છે, ગુનેગારને ડામવાનો નથી તથા ગુનેગારને સુધરવાની તક આપી સમાજમાં તેને ફરીથી સન્માનપૂર્વક જીવન મળે તેવો કાયદાનો હેતુ છે તથા ઉપરોકત ચુકાદા અનુસાર આરોપી ઉપર દયા બતાવી હળવી સજા કરવા માટેના પુરતા ગણી શકાય તેવા કારણો છે તેમ આ કોર્ટનું માનવું છે તેમજ આજરોજ સદર કામે આરોપીની કબુલાત તથા દયા અરજ ગ્રાહય રાખી અને કાયદાની સજા કરવા પાછળનો સુધારાત્મક હેતુ ધ્યાને રાખી આરોપીને હળવી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોઈ આથી નીચે મુજબ હુકમ કરુ છું.

**// હુકમ //**

હાલના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ – ૨૭૫ અન્વયે **કા.ધા. ૧૯૪૮ ની કલમ–૩૩(૧)હેઠળ** મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દંડ રૂા.૨૫,૦૦૦/– (પચ્ચીસ હજાર રૂપીયા) ફરમાવું છું અને જો દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરુ છું.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.:–૧૪/૦૩/૨૦૨૬ (**જે.જે.જોષી**)

સ્થળ:–મોરબી બીજા એડી. ચીફ જયુડી.મેજી.મોરબી.

//MRM// **CODE NO.-**GJ01271

ફોજદારી દંડ પહોંચ નં.................

તા.૧૪/૦૩/૨૦૨૬ થી રુ.**૨૫૦૦૦/–**

અંકે રુપીયા **પચ્ચીસ હજાર પુરા** વસુલ લીધા.

નાઝીર/આસીસ્ટન્ટ